# હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી

ગુજરાત રાજ્ય

☎.(૦૭૯)૨૩૨૫૭૫૦૬(ઓ),
૨૩૨૫૪૭૭૭(અં),
૨૩૨૫૯૭૬૦(ફેક્સ)

"વિત્ત અને લેખા ભવન" બ્લોક નં.-૧૭
ડૉ. જીવરાજમહેતા ભવન, સેક્ટર-૧૦ બી.,
ગાંધીનગર-૩૮૨૦૧૦
E-mail : supt-tc-dat@gujarat.gov.in

---

નબર:-હિતિનિ/ટીસી/ફા.૧૨૫(૧૧૨)/૪૭૭૫-૪૮૦૨ તા. ૨/૬/૨૦૦૭

તાત્કાલિક / અગત્યનુ

વિષય:-આઈ.આર.એલ.એ. પ્રથા હેઠળ બેંક મારફતે પેન્શન ચૂકવણાંની પધ્ધતિમાં પેન્શનરોને જોઈન્ટ બેંક એકાઉન્ટ ખોલવાની મંજૂરી આપવા બાબત.

પરિપત્ર ક્રમાંક:- ૧૮ /૨૦૦૭

ઉપર્યુકત વિષય પરત્વે આપનુ ધ્યાન નાણાં વિભાગના તા.૧૩/૨/૨૦૦૭ના અંગ્રેજી ઠરાવ ક્રમાંક: પરચ/૨૦૦૩/૨૪૯૦/પી તરફ દોરતાં જણાવવાનું કે, ઉકત ઠરાવથી પેન્શન ચૂકવણાંની આઈ.આર.એલ.એ. પ્રથા હેઠળ પેન્શનરને પતિ-પત્નિના સંયુકત નામે બેંકમાં પેન્શન એકાઉન્ટ ખોલાવની મંજૂરી આપવાનું ઠરાવેલ છે. આ ઠરાવના અમલીકરણ બાબતે નીચે મુજબની વધારાની સૂચનાઓ આપવામાં આવે છે.

૧. આપની કચેરી તથા તાબાની પેટા તિજોરી કચેરીઓ ખાતેથી આઈ.આર.એલ.એ. પ્રથા હેઠળ જે બેંકોની શાખાઓ મારફતે પેન્શનના ચૂકવણાં કરવામાં આવે છે તે તમામ બેંકની શાખાઓને નાણાં વિભાગના ઉકત તા.૧૩/૨/૨૦૦૭ના ઠરાવની નકલ જરૂરી કાર્યવાહી માટે તાત્કાલિક મોકલી આપવી.

૨. જે પેન્શનર હાલમાં બેંકમાં સીંગલ બેંક એકાઉન્ટ ધરાવતા હોય અને પતિ-પત્નિના નામે સંયુકત બેંક એકાઉન્ટ ધરાવવા ઈચ્છતા હોય તો તેવા પેન્શનરોને પણ પતિ – પત્નિના સંયુકત નામે બેંક એકાઉન્ટ ખોલવાની મંજૂરી આપવાની રહે છે.

૩. જે પેન્શનરો હાલમાં બેંકમાં પેન્શનનુ સીંગલ એકાઉન્ટ ધરાવે છે. તેમના માટે બેંકમાં જોઈન્ટ એકાઉન્ટ ખોલવાનું ફરજીયાત નથી.

૪. નાણાં વિભાગના તા.૧૩/૨/૨૦૦૭ના ઠરાવની નકલ કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ માટે મૂકવી.

ઉપરોકત સૂચનાઓ સંબંધિત બેંકોને તથા પેટા તિજોરી કચેરીઓને તાત્કાલિક આપની કક્ષાએથી આપવાના અંગે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી.

આ બાબતે કરેલ કાર્યવાહીનો અહેવાલ આ કચેરીને મોકલી આપશો.

નાયબ નિયામક

પ્રતિ,
શ્રેયાન / જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
જિલ્લા તિજોરી કચેરી,......................
તિજોરી અધિકારીશ્રી,
પેન્શન ચૂકવણાં કચેરી,અમદાવાદ.

<u>નકલ સવિનય રવાના પ્રતિ,</u>

૧. * ઉપસચિવશ્રી, (પેન્શન) નાણાં વિભાગ, 'પી' શાખા, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂં.

<u>નકલ રવાનાઃ-</u>

૧. તિજોરી નિરીક્ષણ અધિકારીશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.
૨. સીલેકટ ફાઈલે.